ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# લખી લો... વિધાનસભાની ચૂંટણી તો વહેલી જ

## ભાજપની વારંવાર યોજાઈ રહેલી ગુપ્ત બેઠકો અને વહીવટીતંત્રની ગતિશીલતા વહેલી ચૂંટણીના સ્પષ્ટ સંકેતો આપે છે : વેરવિખેર વિરોધ પક્ષો બેઠકોની સમજૂતી કરે અને વહેંચાતા મત અટકે તે પહેલાં ઉંઘતા ઝડપવા એપ્રિલના ત્રીજા સપ્તાહમાં વિધાનસભાના વિસર્જનની શક્યતા

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નિયત સમય કરતાં છ મહિના વહેલી આવે છે એમાં હવે કોઈ શંકાને સ્થાન નથી. પ્રધાનમંત્રી, ગૃહમંત્રી અને રાજકીય આગેવાનો જે રીતે ગુજરાતની મુલાકાત લઈ રહ્યા છે તેનાથી રાજકીય માહોલ બંધાઈ ગયો છે. ટોપી બદલવાની પ્રવૃત્તિ પણ પૂરજોશમાં ચાલી રહી છે. નેતાઓ અને કાર્યકરોને તોડવાના અને રોકવાના પ્રયાસો દિનરાત ચાલી રહ્યા છે. અને સાથે સાથે વહીવટીતંત્ર પણ ચૂંટણીની તૈયારીઓમાં ગળાડૂબ દેખાઈ રહ્યુ છે. વિધાનસભા સત્રના અંતિમ દિવસે રાજકીય અવલોકનો પણ ચૂંટણીના સંકેતો આપતા હતા. રાજ્યનું ચૂંટણીતંત્ર પણ મતદાન અને મત ગણતરી કેન્દ્રો માટે જિલ્લાવાર સર્વેક્ષણો કરી રહ્યુ છે. એક અંદાજ મુજબ ૨૨-૨૩ એપ્રિલે દાહોદમાં પ્રધાનમંત્રીની આદિવાસી રેલી અને મહિલા સંમેલન બાદ જાહેરનામુ બહાર પડી શકે. અને મે ના અંતિમ સપ્તાહમાં મતદાન યોજાશે એ વાત નિશ્ચિત લાગે છે. તાલુકાકક્ષાથી સચિવાલય કક્ષાના અધિકારીઓની વ્યાપક ફેરબદલી થઈ રહી છે અને હજુ આ લખાય છે ત્યારે સનદી અધિકારી અને પોલીસ અધિકારીઓના હુકમો છુટવામાં છે. એપ્રિલના પ્રથમ બે સપ્તાહમાં રાજ્યના બાકી રહેલા વિકાસ કાર્યોની જાહેરાત થશે. ભૂમિપૂજન અને લોકાર્પણના કાર્યક્રમો યોજાશે અને ત્રીજા સપ્તાહમાં પ્રધાનમંત્રીની વિક્રમ રેલીઓ બાદ ચૂંટણીની જાહેરાત થશે. આમ સમગ્ર વ્યૂહરચના ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે.

ભારતીય જનતા પક્ષમાં આંતરિક અને બાહ્ય સર્વે સતત ચાલી રહ્યા છે. કોને ટીકીટ આપવી અને કોની ટીકી કાપવી એ માટેનુ મહામંથન પણ કમલમમાં ગુપ્ત રીતે ચાલે છે. સતત કાર્યક્રમોથી કાર્યકરોને સક્રિય રાખવાની કુશળતા ભાજપ પાસે વર્ષોથી છે અને તેનો અમલ પણ જોરશોરથી ચાલી રહ્યો છે. કોંગ્રેસ મોડી મોડી પણ દોડી રહી છે. એની વ્યૂહરચનાઓ ઘડાય છે પણ તુટી જાય છે અને લીક થઈ જવાને પરિણામે ધાર્યા નિશાન પાર પડતા નથી. જાતજાતની અને ભાત ભાતની અટકળો રાજકીય બજારમાં ચાલે છે પરંતુ હજુ કોંગ્રેસ ગુજરાત ચૂંટણી જીતવા સક્ષમ બનશે કે કેમ તેવી શંકા મતદારોને વર્તાઈ રહી છે. જ્યારે પંજાબના ભવ્ય વિજય બાદ 'આપ' ગુજરાતમાં ચૂટંણી લડવા થનગનાટ અનુભવે છે. એમની વ્યૂહરચનાઓ અસરકારક છે અને સંગઠન હજુ નબળુ હોવાથી ધાર્યા નિશાન પર પહોંચી શકશે કે નહી એ અવઢવ હજુ પણ અકબંધ છે. આમ આદમી પાર્ટીમાં કેટલા મોટા માથા જોડાય છે અને સંગઠનનું માળખુ કેવુ ઘડાય છે એના ઉપર આપનું ભવિષ્ય નિર્ભર છે.

### શા માટે વહેલી ચૂંટણી...?

- પાંચ રાજ્યોમાંથી ચાર રાજ્યોમાં ભાજપના વિજયનો લાભ મેળવવા માટે.
- ભાજપમાં વધતી જૂથબંધી સપાટી પર આવે તે પહેલા જ હિસાબકિતાબ સરખા કરવા માટે.
- વર્તમાન સરકારના દેખાવને લઈને સંભવિત સવાલોને ઉગતા જ ડામી દેવા.
- કોંગ્રેસ અસ્તવ્યસ્ત હોવાની તકનો લાભ અંકે કરવો.
- પંજાબમાં વિજય બાદ જોશમાં આવેલી આમ આદમી પાર્ટીને સંગઠિત અને આક્રમક બનવાની તક ન આપવા માટે.
- વગદાર પાટીદાર નેતા નરેશ પટેલ કોંગ્રેસ કે આપમાં જોડાય અને પટેલ મતોનું ધ્રુવીકરણ થાય તે પહેલા ચૂંટણી યોજવા સત્તા પક્ષ તત્પર.
- વધતી જતી મોંઘવારીથી પ્રજાનો આક્રોશ વધે તે પહેલા ચૂંટણી જીતવાની વ્યૂહરચના.
- પ્રધાનમંત્રીની લોકપ્રિયતાની પરાકાષ્ઠાને વટાવવાની અણમોલ તક જતી ન કરવા.
- સાથોસાથ વેરવિખેર વિરોધ પક્ષો એક પ્લેટફોર્મ પર આવે તે પહેલાં ચૂંટણી યોજી ભાજપ બીજા પાંચ વર્ષ સત્તા માટે આતુર અને તૈયાર છે.



સ્મૃતિ તસવીર - વિધાનસભા સત્રના અંતિમ દિવસે વિદાય લેતા ધારાસભ્યોની યાદગાર સ્મૃતિ તસવીરમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને મંત્રીમંડળના સભ્ય ગજેન્દ્ર પરમારની ગેરહાજરી વર્તાય છે...

# આજે જિલ્લાના ૫૬ હજાર બાળકો પરીક્ષા પે ચર્ચામાં જોડાશે

### મુખ્યમંત્રી સે. ૨૩ના કડી સંકુલમાંથી જોડાશે : પંચાયત પ્રમુખ લેકાવાડાથી જોડાશે : ૧૮૦ શૈક્ષણિક સંકુલોમાં પ્રોજેક્ટરની મદદથી બાળકો જોડાશે

ગાંધીનગર, તા. ૩૧

આજે વડાપ્રધાન દ્વારા પરીક્ષા પે ચર્ચાના કાર્યક્રમમાં જિલ્લાના ૫૭૬૭૧ જેટલા બાળકો ભાગ લેશે.

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ભાગ લેવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ જોડાવાના છે. તેઓ સંભવતઃ સે. ૨૩માં કડી સર્વ વિદ્યાલયમાં આ માટે હાજરી આપશે.

જિલ્લામાં ૧૮૦ જેટલા શૈક્ષણિક સંકુલોમાં પ્રોજેક્ટર દ્વારા તો ૫૭ જેટલા સંકુલોમાં ખાસ વ્યવસ્થા ઉભી કરી આ કાર્યક્રમમાં બાળકો ભાગ લેશે. અન્ય શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થીઓ ટી.વી.ના માધ્યમથી જોડાશે.

મળતી વિગતો પ્રમાણે આ કાર્યક્રમ માટે રાજભવનમાં પણ ૧૦૦ બાળકો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ માટે જશે અને જોડાશે.

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં બાળકો અને વાલીઓ સાથે પ્રધાનમંત્રી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાવાના છે. આ કાર્યક્રમ અંગેની તૈયારીઓ થઈ ગઈ છે. જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ અને શિક્ષણ સમિતિના ચેરમેન લેકાવાડા ખાતે હાજરી આપી કાર્યક્રમમાં જોડાશે.

જિલ્લામાં ૬ થી ૮ અને ધો. ૯ અને ૧૧ ના બાળકો આ કાર્યક્રમમાં જોડાવાના છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં બે વર્ષમાં ૯૨,૮૯૧ નવા વાહનો નોંધાયા

### નોંધણીથી સરકારને ૨,૪૭,૩૯,૪૭,૬૯૫ની આવક થઈ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ૨૮-૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૨,૮૯૧ વાહનોની નોંધણી કરવામાં આવી છે અને તે પેટે રૂ. ૨,૪૭,૩૯,૪૭,૬૯૫ની આવક રાજ્ય સરકારને થઈ છે.

રાજ્યના વાહન-વ્યવહાર મંત્રીએ ઉપરોક્ત વિગતો કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં આપી છે. તેમણે જણાવ્યુ હતુ કે ૨૮-૨-૨૦૨૨ની સ્થિતિએ જિલ્લામાં લાયસન્સ માટેના સ્માર્ટ કાર્ડ ૧,૦૫,૨૮૩ જારી કરવામાં આવ્યા છે.

જિલ્લામાં એપ્રિલ-૨૦ માં ૪૨૬ અને મે-૨૦માં ૧૨૭ વાહનોની જ નોંધણી થઈ હતી. નવે.૨૦૨૦માં ૫,૫૬૧ વાહનોની નોંધણી થઈ છે જે બે વર્ષમાં સૌથી વધુ છે. ૧૧ માસમાં ૪ હજારથી વધુ વાહનોની નોંધણી થઈ છે. જુન-૨૦૨૦માં ૨૬૧૧ અને જુલાઈ-૨૦૨૦માં ૨૯૨૨ વાહનોની નોંધણી થઈ છે. સપ્ટેમ્બર-૨૦માં ૨૩૪૧ તો મે-૨૦૨૧માં ૨૦૦૮ વાહનોની નોંધણી થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ : જનજીવન પ્રભાવિત

### લઘુત્તમ તાપમાનમાં પણ ૫ ડીગ્રીનો ફેરફાર : ગરમી વધવાની સાથે ઠંડીનો પારો પણ ૨૩ થી ૧૮ ડીગ્રીએ પહોંચી ગયો

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં ઉનાળો દિનપ્રતિદિન વધુ આકરો બની રહ્યો છે. આજે ગરમીનો પારો ૪૧ ડીગ્રીને અડી ગયો હતો જેના લીધે દિવસ દરમિયાન ધોમધખતા તાપ વચ્ચે નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે બીજીતરફ લઘુત્તમ તાપમાનમાં પણ વિચિત્ર રીતે ૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો જેના લીધે વહેલી સવારે અને મોડીરાત્રે વાતાવરણમાં હળવી ઠંડક પ્રસરી હતી. આગામી દિવસોમાં ગરમી વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં ઉનાળો આકરો બન્યો છે. આજે ગરમીનો પારો ૦.૪ ડીગ્રી ઉંચકાયો હતો દિવસ દરમિયાન આકરા તાપના લીધે શહેરીજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો છે. જયારે આકરી ગરમીના લીધે નગરજનો બેબાકળા બન્યા છે. ત્યારે બીજીતરફ હાલ બોર્ડની પરીક્ષા દરમિયાન ગરમીનો પ્રકોપ વધતા વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ અસહ્ય ગરમીથી પ્રભાવિત છે. દિવસની આકરી ગરમીના અંતે મોડી સાંજે સેકટરોની શેરીઓ અને ઉદ્યાનોમાં નાગરિકોની ભીડ જોવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ધો -૧૦ માં ગણિત સ્ટાન્ડર્ડનુ પેપર સરળ પરંતુ વિભાગ-સીના પ્રશ્નોથી વિદ્યાર્થીઓ મુંઝાયા

### સ્ટાન્ડર્ડ પેપરમાં બેઝિકના ૧૦ થી ૧૨ ગુણના પ્રશ્નો પુછાયા : પેપર એકંદરે સરળ અને પાઠયપુસ્તક આધારિત : જિલ્લામાંથી ૩૭૪૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી જયારે ૭૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

ગાંધીનગર તા ૩૧

ધો -૧૦ માં ગઈકાલે બેઝિક ગણિતની સરળ પરીક્ષા બાદ આજે વિદ્યાર્થીઓએ સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા આપી હતી બેઝિક ગણિતની જેમ આ પરીક્ષા પણ વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ રહી હતી પરંતુ વિભાગ સી માં પુછાયેલા પ્રશ્નોથી વિદ્યાર્થીઓ મુંઝાયા હતા જયારે બેઝિક ગણિતના ૧૦ થી ૧૨ ગુણના પ્રશ્નો આ પેપરમાં પણ સામેલ હતા જિલ્લામાંથી ૩૭૪૯ વિદ્યાર્થીઓએ ગણિત વિષયની પરીક્ષા આપી હતી જયારે ૭૨ વિદ્યાર્થીઓ હાજરી ઘટી હતી ગણિતની પરીક્ષા દરમિયાન જિલ્લામાં કોઈ કોપી કેસ નોંધાયો નથી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા અન્વયે આજે ધો-૧૦ માં વિદ્યાર્થીઓએ સ્ટાન્ડર્ડ ગણિત વિષયની પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાં જિલ્લામાંથી કુલ નોંધાયેલા ૩૮૨૧ વિદ્યાર્થીઓ પૈકી ૩૭૪૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા જયારે કુલ ૭૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો -૧૦ માં ગઈકાલે બેઝિક ગણિતનુ પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત નિકળ્યુ હોવાથી વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા જયારે આજે સ્ટાન્ડર્ડ ગણિતનુ પેપર પણ એકંદરે સરળ અને પુસ્તક આધારિત જ હતુ. આ અંગે કિશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત પ્રણવસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ સ્ટાન્ડર્ડ પ્રશ્નપત્રનુ આ પ્રથમ પેપર હોવાથી ભુતકાળના અનુભવોના આધારે વિદ્યાર્થીઓ પરીક્ષા મામલે થોડા ચિંતિત હતા. પેપરના વિભાગ ડી માં બે પ્રમેય અને બે રચના પુછવામાં આવી હતી જેના લીધે વિદ્યાર્થીઓએ સરળતા અનુભવી હતી. જયારે વિભાગ સી માં પુછાયેલા પ્રશ્નોથી વિદ્યાર્થીઓ મુંઝવણ અનુભવી હતી. જયારે બેઝિક ગણિતના પેપરમાં પુછાયેલા ૧૦ થી ૧૨ ગુણના પ્રશ્નો આજના પેપરમાં પણ જોવા મળ્યા હતા. ધો -૧૦ ના વિદ્યાર્થીઓ માટે ગણિત બેઝિક બાદ સ્ટાન્ડર્ડ પ્રશ્નપત્રની પરીક્ષા પણ પાઠયપુસ્તક આધારિત અને સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓ સહીત વાલીઓએ પણ હાંશકારો અનુભવ્યો છે.

ધો -૧૦ માં ગણિતના પેપરમાં આજે ગુજરાતી માધ્યમમાંથી ૨૧૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૬૧ ગેરહાજર રહ્યા હતા આ ઉપરાંત હિન્દી માધ્યમમાંથી પણ૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે અંગ્રેજી માધ્યમમાં ૧૫૩૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ૧૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

## અર્થશાસ્ત્રનુ પેપર અત્યંત સરળ ૧૦૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

ગાંધીનગર તા ૩૧

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં આજે અર્થશાસ્ત્ર વિષયનુ પેપર વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યુ હતુ. પ્રશ્નપત્ર પાઠયપુસ્તક આધારિત અને સરળ હોવાથી વિદ્યાર્થીઓ હળવા મુડમાં જોવા મળ્યા હતા. પ્રશ્નપત્રના વિભાગ ઈ માં સાટા પ્રથાનો અર્થ અને મર્યાદાઓ ગરીબીના આર્થિક કારણો, વસતી નિયંત્રણના ઉપાયો, શહેરીકરણની નકારાત્મક અસરો સહીતના સરળ પ્રશ્નો પુછાયા હતા. જયારે સી ડી અને ઈ વિભાગમાં વિકલ્પો પણ વધુ મળવાથી વિદ્યાર્થીઓ વધુ ગુણ મેળવી શકશે માહી કોર્મસ ઝોનના વિષય નિષ્ણાંત દશરથ ખેરે વધુમાં જણાંવ્યુ હતુ કે વિભાગ એ અને બી માં પણ એકપણ પ્રશ્ન ટિવસ્ટ કર્યા સિવાય પુછાયો હતો. કોર્મસના વિદ્યાર્થીઓની પરીક્ષાના મુખ્ય ત્રણ વિષયનો પેપરો સરળ નિકળતા વિદ્યાર્થીઓ ચિંતામુકત બન્યા છે. જિલ્લામાંથી કુલ ૮૨૦૪ વિદ્યાર્થીઓએ અર્થશાસ્ત્રની પરીક્ષા આપી હતી. જયારે ૧૦૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનુ પણ શિક્ષણતંત્રના સુત્રોએ જણાંવ્યુ છે.

# જિલ્લામાં બે વર્ષમાં ૯૦ હજારથી વધુ લોકોને રોજગારી આપવામાં આવી છે



વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

- **ગાંધીનગર જિલ્લામાં આઈ.ટી.આઈ.**

ગાંધીનગર જિલ્લામાં આઈ.ટી.આઈ.માં મહેકમને લઈ કોંગી સભ્ય સુરેશભાઈ પટેલ અને ભાજપના રાકેશભાઈ શાહે પુછેલા અલગ-અલગ લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૬ સરકારી આઈ.ટી.આઈ. આવેલ છે.

આ આઈ.ટી.આઈ.માં મંજૂર જગ્યા ૨૯૧ છે અને તેની સામે ૯૨ જગ્યાઓ હાલ ખાલી છે. ગાંધીનગર આઈ.ટી.આઈ.માં ૧૪૯ જગ્યાઓનું મંજૂર મહેકમ છે અને તે પૈકી ૯૪ જગ્યાઓ ભરાયેલી છે જ્યારે ૫૫ જગ્યાઓ ખાલી છે. મહિલા આઈ.ટી.આઈ.માં ૧૯ જગ્યાઓ મંજૂર છે અને ૫ જગ્યા ખાલી જગ્યા છે.

- **રોડની મંજૂરી**

દહેગામના બલરાજસિંહ ચૌહાણે દહેગામ તાલુકાના છોગારી બસ સ્ટેન્ડથી કાલુપુરા-લીલાપુર રોડની મંજૂરી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીએ જણાવ્યુ છે કે આ રોડને મંજૂરી આપવામાં આવી છે. ૨.૫૦ કિ.મી.ની લંબાઈ ધરાવતા આ રોડ માટે રૂ. ૧૨૫ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે.

- **યાત્રાધામોનો વિકાસ**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં યાત્રાધામ વિકાસમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૩૩ યાત્રાધામોના વિકાસ પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે.

૨૦૨૦-૨૧માં સાત યાત્રાધામો પાછળ રૂ. ૫૨,૯૦,૫૫૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે ૨૧-૨૨ના વર્ષમાં ૨૬ યાત્રાધામો પાછળ રૂ. ૩,૯૪,૪૧,૯૨૭નો ખર્ચ કરવામાં આવેલ છે.

- **સ્થાનિકોને રોજગારી**

ધંધુકાના ધારાસભ્ય રાજેશકુમાર ગોહિલે ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોની રોજગારી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૨૦૨૦ અંતિત ૪૪૩૨૦ તેમજ ૨૦૨૧ અંતિત ૪૬,૬૩૫ એમ કુલ ૯૦,૯૫૫ લોકોને રોજગારી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રાઉન્ડ ક્રોસ પંપ ઈન્ડિયા પ્રા.લિ. મુ. દંતાલી દ્વારા સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમનું ઉલ્લઘન કરેલ છે.

સ્થાનિકોને રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે નાયબ નિયામક અમદાવાદ દ્વારા બેઠક યોજી વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે. રોજગાર ભરતી મેળાનું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવે છે.





બેસણું

અમારા પરમ પૂજ્ય માતૃશ્રી સરલાબા લક્ષ્મણસિંહજી ડાભી તા. ૨૯/૦૩/૨૦૨૨, મંગળવારના રોજ દેવલોક પામ્યા છે.ઈશ્વરને ગમ્યુ તે ખરુ. સદ્‌ગતના બેસણું નીચે પ્રમાણે રાખેલ છે.

બેસણું તા. ૦૧/૦૪/૨૦૨૨ શુક્રવાર સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાકે

સ્થળ : રૂપરાજ કંપાઉન્ડ,પોલીસ સ્ટેશન સામે, પેથાપુર ગાંધીનગર

લિ. શોકાતુર

સૂર્યસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી (એડવોકેટ)

મહામંત્રી - ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

પૂર્વ પ્રમુખ - ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ

સ્વ.ચંદ્રસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી | સ્વ.લાલસિંહજી રાણા (જમાઈશા)

પૃથ્વીસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી | હેતલસિંહજી દેવડા (જમાઈશા)

જયદેવસિંહ પૃથ્વીસિંહજી ડાભી | ધૈર્યદેવસિંહ સૂર્યસિંહજી ડાભી

વિજયસિંહ રાણા- અનિરૂધ્ધસિંહ રાણા- કુશલસિંહ દેવડા

સ્વ.શ્રી એલ.પી ડાભી પરિવાર પેથાપુર જિ. ગાંધીનગર

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR.FIXIT

Birla White — THE WHITEST WHITE CEMENT

ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com